

# પ્રકરણ ૧૮

# ગામ-ગામનાં પાણી

R4U6L4

## તરસ કેવી રીતે છીપાવવી ?




ક્રિપલ પુસ્તક વાંચતી હતી, ત્યારે તેણે દરવાજે અવાજ સાંભળ્યો. તેણે જોયું કે કોઈ મહેમાન (guest-ગેસ્ટ) આવ્યા છે. પપ્પાએ મહેમાનને આવકાર આપ્યો. તેમણે ઋચનને તેમના માટે ઠંડું પીણું લાવવા કહ્યું. મહેમાને કહ્યું, ‘‘હું ઠંડું પીણું લઈશ નહિ. મને એક ગ્લાસ પાણી આપો.

પપ્પાએ કહ્યું, ‘‘આજકાલ અમને પીવાલાયક પાણી મળતું નથી. તે ચોખ્ખું પણ દેખાતું નથી. સારું રહેશે જો તમે તે પાણી ન પીઓ. અમારી પાસે તો છૂટકો નથી એટલે આવું પાણી પીવું પડે છે.’’



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચર્ચા કરો :

- ગંદું કે પ્રદૂષિત (contaminated-કન્ટેમિનેટેડ) પાણી આપણા શરીરને કેવી રીતે નુકસાન કરે છે ?
- આવા પાણીથી કોઈ બીમાર થયું હોય એવા કોઈને તમે જાણો છો ? તેના વિશે વાત કરો.
- ક્રિપલના ઘરે જ્યારે મહેમાન આવ્યા, તેમણે મહેમાનને પાણીના બદલે ઠંડાં પીણાં માટે પૂછ્યું, કારણ કે તેમણે વિચાર્યું તે આવું પાણી ના પી શકે. તમારા વિચારે ક્રિપલના કુટુંબે તેમના પોતાના પીવાના પાણી માટે શું કરવું જોઈએ ?
- મહેમાને ઠંડું પીણું લેવાની ના પાડી. તેમણે આવું કેમ કહ્યું ? વિચારો.

## પાણીની રમતો



ઉત્તર ગુજરાતમાં મોટા વૉટર પાર્ક છે. એક દિવસ સચિન અને નીરૂ તેમનાં માતાપિતા સાથે વૉટર પાર્ક ગયાં. ત્યાં ઘણાબધા પાણીના ફુવારા હતા. નીરૂએ કહ્યું, ''જો સચિન પાણીમાં કેટલી બધી રાઈડ્સ (rides) છે.''

''આ બાજુ મોટાં તળાવો !'', સચિને કહ્યું, છબ ! છબ ! છબ ! બંનેએ પાછળ જોયું. ઝૂમ, ઝૂમ, ઝૂમ અવાજ કરતાં પહોળી લપસણીમાં ઝડપથી લપસતાં બાળકો પાણીમાં પડતાં હતાં.



સચિન લપસણીમાં ખૂબ જ ઊંચે ગયો. થોડી જ ક્ષણોમાં તે ધબાક કરતો પાણીમાં પડ્યો. નીરૂએ આશ્ચર્યથી ચીસ પાડી.

પછી તરત તેમણે પાર્કની બહાર ખૂબ જ મોટો અવાજ સાંભળ્યો. દરેક જણ ઝડપથી દરવાજા તરફ દોડ્યાં. ત્યાં લોકોનું



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ટોળું (crowd-ક્રાઉડ) ખાલી ડોલ અને ઘડા લઈને ઊભું હતું. એક નાનું બાળક ખાલી બૉટલ લઈ તેની માતાને વળગેલું હતું. સચિનની માતા ટોળામાં એક મહિલા પાસે ગઈ. ''શું વાત છે ?'' તેણે પૂછ્યું.

મહિલાએ ગુસ્સાથી જવાબ આપ્યો, ''તમે પૂછો છો શું વાત છે? અમારા કૂવામાં પાણી નથી. અઠવાડિયામાં એક દિવસ પાણીનું ટૅન્કર આવે છે ત્યારે જ અમને પાણી મળે છે. આજે તે નથી આવ્યું અને અહીં આટલું બધું પાણી તમારે રમવા માટે છે. અમે શું કરીએ કહો ?''



**વાંચો અને લખો :**

- તમારા ઘરમાં ક્યારેય પાણીની અછત થઈ છે ? ક્યારે ?

  ______

- ત્યારે તમે શું કરો છો ?

  ______

- તમે ક્યારેય પાણીમાં રમ્યા છો ? ક્યાં અને ક્યારે ?

  ______

- તમને ક્યારેય પાણીમાં રમવાની ના પાડવામાં આવેલ છે ? કેમ ?
  - ______
  - ______

- તમે તમારી આસપાસ પાણીનો બગાડ થતો જોયો છે ? ચર્ચા કરો.

  ______

- વૉટર પાર્કમાં રમવા માટે ખૂબ જ પાણી હતું, પરંતુ નજીકના ગામડામાં લોકોને પીવાનું પાણી પણ મળતું નથી. તેના વિશે વિચારો અને ચર્ચા કરો.
- જો તમે વૉટર પાર્કમાં જાઓ, તો ત્યાં પાણી ક્યાંથી આવે છે તે શોધી કાઢો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શું આ પી શકાય ?

### એલિસબ્રિજ, અમદાવાદ




લિફ્ટ વીસમા માળે ઊભી રહી. સ્મિતને લિફ્ટમાં જવું ખૂબ ગમે છે. આજે શાળામાં રજા છે. સ્મિત તેની માતા સાથે અંજુ મૅડમને ત્યાં આવ્યો. તેની માતા ત્યાં કામ કરતી હતી. તે ઘર શાંત, સાફ અને ચમકતું હતું. અંજુ સમાચારપત્ર વાંચતી હતી. સ્મિતને જોઈ તેણે હસીને પૂછ્યું ''શું આજે રજા છે ?'' મૅડમે ટીવી ચાલુ કર્યું અને થોડી જ વારમાં સ્મિત કાર્ટૂનની દુનિયામાં ખોવાઈ ગયો. એટલામાં અંજુ મૅડમે બૂમ પાડી. ''અરે! છાયા, આ વિસ્તારના પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી ગયું છે એમ સમાચારપત્રમાં છે. આ ગંદા પાણીના કારણે ઘણાં લોકોને ઝાડા અને ઊલટી થઈ ગયાં છે. તું કાલનું ભરેલું પાણી ખાલી કરી દે. થોડાંક તપેલાં પાણી ઉકાળી દે અને તારા ઘર માટે ઉકાળેલું પાણી લઈ જા.'' સ્મિત તે સાંભળી ખુશ થઈ ગયો. આજે ઘરના પાણી માટે લાઈનમાં ઊભા રહેવામાંથી રજા મળી.



### તમારી નોટબુકમાં લખો :

- અંજુ સમાચારપત્ર વાંચ્યા બાદ કેમ ચિંતિત હતી ?
- અંજુએ આગલા દિવસે ભરેલું બધું પાણી ઢોળી દેવા કહ્યું. શું આ પાણી બીજા કોઈ કામ માટે લઈ શકાય ? કયાં કયાં કામ માટે ?
- તેણે પાણી ચોખ્ખું કરવાની કઈ યુક્તિ કરી ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- શું તમે પાણી ચોખ્ખું કરવાની અલગ-અલગ રીતો જાણો છો ? તેમનું વર્ણન કરો.
- કદાચ અંજુએ સમાચારપત્ર ન વાંચ્યું હોત અને દરેકે ઉકાળ્યા વગરનું પાણી પીધું હોત, તો શું થાત ?

### ચર્ચા કરો :

- સ્મિત જ્યાં રહે છે, ત્યાં દરેકે સાર્વજનિક નળથી પાણી ભરવા લાઇનમાં ઊભું રહેવું પડે છે. અંજુના ઘરમાં નળમાં આખો દિવસ પાણી આવે છે. આવું શા માટે ?
- અંજુએ સમાચારપત્રમાં પાણી વિશે વાંચ્યું. શું તમે સમાચારપત્રમાં પાણી વિશે કોઈ સમાચાર વાંચ્યા છે ? કેવા પ્રકારના સમાચાર ?

Q7T1T7


### જાતે કરો અને ચર્ચા કરો :

- છેલ્લા એક મહિનાનાં સમાચારપત્રોમાં પાણી સંબંધિત બધા સમાચાર જુઓ અને છાપામાંથી કાપી એકઠા કરો. એક મોટા કાગળ પર બધા કાપેલા ભાગ ચોંટાડો. વર્ગખંડમાં ચર્ચા કરો.

તમને ક્યારેય ઝાડા અને ઊલટી થયાં છે ? ત્યારે તમને કેવું લાગ્યું હતું ? જ્યારે ઝાડા અને ઊલટી થાય ત્યારે, આપણા શરીરમાંથી પાણી ખૂબ જ ઓછું થઈ જાય છે. જે શરીર માટે નુકસાનકારક છે. આપણા શરીરમાંથી ઓછું થયેલું પાણી ફરી પૂરું પાડવું મહત્ત્વનું છે. ઝાડા-ઊલટી થાય ત્યારે ખૂબ જ પાણી પીવું જોઈએ. આપણે પાણીમાં થોડું મીઠું અને ખાંડ પણ ભેળવવાં જોઈએ.

### મીઠા અને ખાંડનું દ્રાવણ (solution-સૉલ્યુશન) બનાવીએ.

એક પ્યાલો ઉકાળેલા પાણીમાં એક ચમચી ખાંડ અને ચપટી મીઠું નાંખો અને ઠંડું થવા દો. આ દ્રાવણને ચાખો. પાણી આપણા આંસુ કરતાં વધારે ખારું થવું જોઈએ નહિ.



જ્યારે વ્યક્તિને ઝાડા અને ઊલટી થયા હોય ત્યારે આ દ્રાવણને પીવડાવવું. સાથે હળવો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ખોરાક આપવો. નાનાં બાળકોને માતાનું દૂધ સતત આપવું જરૂરી છે. થોડી દવા લેવી પણ જરૂરી છે. તે ઘરે બનાવેલ પણ હોઈ શકે છે. જો ઝાડા અને ઊલટી બંધ ન થાય તો, ડૉક્ટરની સલાહ લેવી મહત્ત્વની છે.

## શાળામાં પાણીની માહિતી :

તમારા વર્ગના વિદ્યાર્થીઓના ત્રણ જૂથ બનાવો.

- એક જૂથ શાળામાં પીવાના પાણીની ગોઠવણી વિશે જાણકારી મેળવે.
- બીજું જૂથ શાળાના શૌચાલયની વ્યવસ્થા વિશે જાણકારી મેળવે.
- ત્રીજું જૂથ વર્ગના બાળકોને થયેલ બીમારી વિશે જાણકારી મેળવે.

નીચે આપેલા પ્રશ્નો દરેક જૂથને માહિતી એકઠી કરવા મદદરૂપ બનશે.

**જૂથ ૧**

અવલોકન કરો અને નોંધો.

- જે લાગુ પડતું હોય તે બૉક્સમાં (√)ની નિશાની મૂકો.
  - તમારી શાળામાં પાણી ક્યાંથી આવે છે ?

    નળ ☐ ટૅન્ક ☐ હૅન્ડપમ્પ ☐ અન્ય ☐
  - તમારી શાળામાં તમે પીવા માટેનું પાણી ક્યાંથી લો છો ?

    નળ ☐ ટૅન્ક ☐ હૅન્ડપમ્પ ☐ અન્ય ☐
- જો નળ, માટલું અને હૅન્ડપમ્પ ન હોય તો તમે પીવાનું પાણી ક્યાંથી મેળવશો ?

  ______________________________
- બધા જ નળ અને હૅન્ડપમ્પમાં પાણી છે ?

  ______________________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



- કોઈ નળ ટપકતો અથવા લીક થતો હોય, તો તમે શું કરશો ?

- બધાં માટલાં પાણીથી ભરેલાં અને ઢાંકેલાં (covered-કવર્ડ) છે ?

- માટલાં અને પાણી ભરવાનાં બીજાં કયાં કયાં વાસણો રોજ સાફ થાય છે ?

- પાણીને પીવાલાયક કેવી રીતે બનાવાય છે ?

- માટલાં અથવા વાસણમાંથી ડોયા વગર પાણી લેવાથી શું થાય ?

- પાણી પીવાના નળ અથવા માટલાં પાસેની જગ્યાઓ રોજ કેવી રીતે સાફ કરવામાં આવે છે ?

## વિચારો અને ચર્ચા કરો :

- પાણી પીવાની જગ્યા કેમ ગંદી થાય છે ?
- આ જગ્યા સાફ રાખવા આપણે શું કરી શકીએ ?

## શોધી કાઢો અને તમારી નોટબુકમાં લખો :

- વાસણો અથવા માટલાં અને ડોયા કેટલી વાર (દિવસમાં એકવાર, બે દિવસે એકવાર, વગેરે) સાફ કરાય છે ? તેને કોણ સાફ કરે છે ?
- તમારી શાળામાં કેટલાં બાળકો છે ? કેટલાં નળ, માટલાં અથવા હેન્ડપમ્પ છે ? તે બાળકો માટે પૂરતાં (sufficient-સફિશિયન્ટ) છે ?
- પાણી પીવાની આસપાસની જગ્યા કોણ સાફ કરે છે ?
- નીચે ઢોળાયેલું પાણી ક્યાં જાય છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**જૂથ ૨**

અવલોકન કરો અને નોંધો.

- બૉક્સમાં (√)ની નિશાની કરો.
  - તમારી શાળામાં શૌચાલયની શી વ્યવસ્થા છે ?

    બાંધેલું શૌચાલય ☐ ખુલ્લી જગ્યા ☐

- કેટલાં શૌચાલય છે ? ☐

| | | | | |
|---|---|---|---|---|
| છોકરા અને છોકરીઓ માટે અલગ શૌચાલય છે ? | ☐ | હા | ☐ | ના |
| શૌચાલયમાં પાણી આવે છે ? | ☐ | હા | ☐ | ના |
| પાણી ક્યાંથી આવે છે ? | | | | |
| ❖ નળ દ્વારા | ☐ | હા | ☐ | ના |
| ❖ ટાંકીમાંથી | ☐ | હા | ☐ | ના |
| ❖ ઘરેથી લાવવામાં આવે છે. | ☐ | હા | ☐ | ના |
| શૌચાલય નજીક હાથ ધોવા માટે પાણી હોય છે ? | ☐ | હા | ☐ | ના |
| શૌચાલયનો ઉપયોગ કર્યા પછી તમે હાથ ધુઓ છો ? | ☐ | હા | ☐ | ના |
| કોઈ નળ લીક અથવા ટપકતો હોય એવો છે ? | ☐ | હા | ☐ | ના |
| શૌચાલયને સ્વચ્છ રાખવામાં આવે છે ? | ☐ | હા | ☐ | ના |



## શોધી કાઢો અને લખો :

- તમારી શાળામાં કેટલાં છોકરા અને છોકરીઓ છે ?

  છોકરીઓ ☐ છોકરાઓ ☐



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- છોકરાઓ અને છોકરીઓ માટે કેટલાં શૌચાલય છે ?

  છોકરીઓ ☐     છોકરાઓ ☐

- જો નળ ન હોય, તો શૌચાલયમાં પાણી કોણ મૂકે છે ? પાણી ક્યાંથી લાવવામાં આવે છે ?

  ______________________________

- આ જગ્યાને સ્વચ્છ કોણ રાખે છે ?

  ______________________________

**જણાવો :**

- શૌચાલય સ્વચ્છ રાખવા શું શું કરવું જોઈએ ?
- આપણે દરેક તેના માટે શું કરી શકીએ ?
- તમે બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન પર શૌચાલય જોયાં છે ? તે ઘરના શૌચાલયથી કેવી રીતે અલગ પડે છે ?

**જૂથ 3**

તમારા વર્ગમાં બાળકો સાથે વાત કરો અને નીચે આપેલ કોષ્ટક પૂર્ણ કરો. છેલ્લા કેટલાક મહિનામાં વર્ગમાંથી કેટલાં બાળકો આમાંથી કોઈ પણ રોગ (disease-ડિઝીઝ)નો ભોગ બનેલ છે ? એવા બાળકોનાં નામ લખો.

| ક્રમ | ઝાડા | ઊલટી | ઝાડા અને ઊલટી | પીળો પેશાબ, પીળી (ફિક્કી) ચામડી અને આંખો, ઝીણો તાવ | પેટનો દુઃખાવો |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આ માહિતી પરથી તમે શું શોધ્યું તેની ચર્ચા તમારા શિક્ષક સાથે કરો. તમે શોધેલા મુદ્દા અને શિક્ષકની સલાહ પરથી અહેવાલ બનાવો. તમારો અહેવાલ શાળાની પ્રાર્થનાસભામાં વાંચો. તેને નોટિસ-બૉર્ડ પર મૂકો.

## વડીલોની દીર્ઘ દૃષ્ટિ

આશરે ત્રીસેક વર્ષ પહેલાંની આ વાત છે. રાજકોટના રાજસમઢિયાળા ગામે પાણીનો વિકટ પ્રશ્ન ઉપસ્થિત થયો. એ વખતના દીર્ઘદષ્ટા સરપંચશ્રીએ જિલ્લા ગ્રામીણ વિકાસ સત્તામંડળ (DRDA) નો સંપર્ક કર્યો. ગામમાં ચેકડેમ બનાવવા માટે ભલામણ કરી. ગ્રામીણ વિકાસ સત્તામંડળે ૧૯૮૫માં આ ગામમાં ૧૦૯૦ હેક્ટર વિસ્તારમાં લગભગ પિસ્તાળીસ ચેકડેમ બનાવ્યા. બીજા વર્ષે આ વિસ્તારમાં પુષ્કળ વરસાદ થયો. આથી, તમામ ચેકડેમમાં પાણીનો સંગ્રહ થયો. પાણીનાં તળ ઊંચે આવ્યાં. માત્ર પંદર મીટરની સામાન્ય ઊંડાઈથી લોકોને પાણી ઉપલબ્ધ થયું. વર્ષ ૨૦૦૨માં અહીંયાં દુકાળ પડ્યો. છતાં પણ વડીલોની જે - તે સમયની દીર્ઘદષ્ટિના કારણે ગામલોકોને કોઈ મુશ્કેલી ન પડી. આ વર્ષે પણ લોકો ત્રણેય મોસમમાં પાક લઈ શક્યા. લોકોની સુખાકારી અને સમૃદ્ધિમાં પણ વધારો થયો.

**શિક્ષક માટે :** કોષ્ટકમાં બાળકો જાણતા હોય તેવાં સામાન્ય લક્ષણો (symptoms-સિમ્પટમ્સ) આપ્યાં છે. જો આ કૉલેરાથી થયા હોય, તો તમે તેની મદદથી આની ચર્ચા કરી શકો છો. બધા જ રોગોનાં નામ બાળકોને આવડે તે મહત્ત્વનું નથી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in